RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 272* Date: 29.07.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### દેશમાં ૨૪ કલાકમાં ૪૭,૭૦૩ પોઝિટિવ કેસ,૬૫૪ના મોત

# કોરોના બેકાબૂ: સતત છઠ્ઠા દિવસે ૪૫ હજારથી વધુ પોઝિટિવ કેસ

### કુલ સંક્રમિતોનો આંકડો ૧૫ લાખની નજીક, મૃત્યુઆંક ૩૩ હજારને પાર,એક્ટિવ કેસ ૫ લાખને પાર,છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૧૭૫ દર્દીઓ સ્વસ્થ થયા

ન્યુ દિલ્હી,તા.૨૮

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં છઠ્ઠા દિવસે ૪૫૦૦૦થી વધુ નવા કેસ નોંધાતા કુલ આંકડો ભયજનક સપાટીની નજીક જઈ રહ્યો છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે મંગળવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૧૫ લાખની નજીક પહોંચી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૪૭૭૦૩ કેસ નોંધાતા કુલ કેસ ૧૪,૮૩,૧૫૬ થઈ ગયા છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૧૭૫ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૯૫૨૭૪૩ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૬૫૪ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૩૩૪૨૫ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૪૯૬૯૮૮ એક્ટિવ કેસ છે.

દેશમાં કોરોના વાયરસના સૌથી વધારે ૩,૮૩,૭૨૩ કેસ



મહારાષ્ટ્રમાં નોંધાયા છે જ્યારે ૧૩૮૮૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૨૨૦૭૧૬ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૩૫૭૧ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૩૧૨૧૯ કેસ નોંધાયા છે જ્યારે ૩૮૫૩ લોકોએ જીવ ગુમાવ્યા છે.કર્ણાટકને પાછળ છોડીને આંધ્રપ્રદેશ આ યાદીમાં ચોથા સ્થાન પર પહોંચી ગયું છે. આંધ્ર પ્રદેશમાં ૧૦૨૩૪૯ કેસ નોંધાયા છે જ્યારે ૧૦૯૦ લોકો મોતને ભેટ્યા છે.

કર્ણાટક બાદ પાંચમાં સ્થાન પર કર્ણાટકમાં અત્યાર સુધીમાં ૧૦૧૪૬૫ કેસ નોંધાયા છે જ્યારે ૧૯૫૩ લોકોના મોત થયા છે. ઉત્તર પ્રદેશ ૭૦૪૯૩ કેસ સાથે છઠ્ઠા ક્રમાંક પર છે જ્યારે ૬૦૮૩૦ કેસ સાથે પશ્ચિમ બંગાળ સાતમાં ક્રમાંક પર છે. ૫૭૧૪૨ કેસ સાથે આઠમાં ક્રમ પર તેલંગાણા અને નવમાં ક્રમ પર ગુજરાત છે જ્યાં ૫૬૮૭૬ લોકો સંક્રમણમાં આવ્યા છે તેમાંથી ૨૩૪૮ લોકો મોતને ભેટી ચૂક્યા છે.

કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબે ભારત વિશ્વનો ત્રીજો સૌથી પ્રભાવિત દેશ છે. અમેરિકા, બ્રાઝિલ બાદ કોરોના મહામારીથી સૌથી વધારે ભારત પ્રભાવિત છે. ભારતથી વધારે મામલા અમેરિકા અને બ્રાઝીલમાં છે. એક દિવસમાં સૌથી વધારે મામલા અમેરિકા બાદ ભારતમાં નોંધાઈ રહ્યા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં અત્યાર સુધીમાં ૧,૭૩,૩૪,૮૮૫ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગઈ કાલના દિવસમાં ૫,૨૮,૦૮૨ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું જેમાંથી ૪૭ હજાર જેટલા દર્દીઓ કોરોના પોઝિટિવ નીકળ્યાં.

# કોવિડ વેક્સિન બાદ ભારત-બ્રિટને ૫ પ્રોજેક્ટ પર રિસર્ચ માટે મિલાવ્યા હાથ

ન્યુ દિલ્હી,તા.૨૮

ભારત અને બ્રિટને રિસર્ચ ક્ષેત્રે હાથ મિલાવ્યો છે. બંને દેશે અગાઉ પણ સાથે મળીને અનેક બેક્ટેરિયા, એન્ટી બોડી સાથે સંકળાયેલા વિષયો પર રિસર્ચ કર્યું છે અને હવે ૫ નવા પ્રોજેક્ટ્સ પર વાત આગળ વધી છે. તેના અંતર્ગત એન્ટી માઈક્રોબાયલ રેજિસ્ટેન્સ અંગે સંશોધન કરવામાં આવશે. આ રિસર્ચની મદદથી સમગ્ર વિશ્વમાં એક વિશેષ પ્રકારના બેક્ટેરિયા વિરૂદ્ધ જે લડાઈ ચાલી રહી છે તેને મજબૂતાઈ મળશે. બ્રિટનના મંત્રી લોર્ડ તારીક અહમદે આ રિસર્ચ માટે ૪ મિલિયન યુરોની મદદની જાહેરાત કરી છે. હકીકતે દવાઓ અને એન્ટી બોડી પર રિસર્ચ સાથે સંકળાયેલા ક્ષેત્રોમાં ભારત વિશ્વમાં એક મહત્વની ભૂમિકા ભજવે છે. આ સાથે જ ભારત antimicrobialsનું સૌથી મોટું નિર્માતા પણ છે. આ કારણે જ બ્રિટને ભારત સાથે હાથ મિલાવીને આ મુદ્દે સંશોધન આગળ વધાર્યું છે. આ માટે ૫ પ્રોજેક્ટ પ્લાન કરવામાં આવ્યા છે જેની શરૂઆત સપ્ટેમ્બર ૨૦૨૦માં થશે. તેમાં યુકે તરફથી ૪ મિલિયન યુરો આપવામાં આવશે જ્યારે બાકીની સહાય ભારત કરશે. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૮ મિલિયન યુરો દર્શાવવામાં આવ્યો છે.

લોર્ડ તારીક અહમદના કહેવા પ્રમાણે ભારત અને યુકે પહેલેથી જ કોવિડ-૧૯ની વેક્સિન માટે સાથે કામ કરી રહ્યા છે. જો અમારૂં ક્લિનીકલ ટ્રાયલ સફળ રહેશે તો અમે જલ્દી જ વિશ્વને તેનો ડોઝ આપવાનું શરૂ કરી દઈશું. તેના સિવાય પણ બંને દેશો વિશ્વ માટે ઘણું બધું કરી શકે તેમ છે અને આ કારણે જ અમે આ ક્ષેત્રે હાથ મિલાવ્યા છે. બ્રિટિશ હાઈ કમિશ્નરના કહેવા પ્રમાણે બ્રિટન રિસર્ચ ક્ષેત્રે ખૂબ જ આગળ રહીને હિસ્સો લઈ રહ્યું છે અને મેડિકલ ક્ષેત્રે ભારતનો સાથ મળે તે ખૂબ જરૂરી છે.

જે ૫ મુદ્દે રિસર્ચની વાત થઈ રહી છે તેમાં ELECTAR, Advanced Metagenomics, Sensors and Photocatalysis for Antimicrobial Resistance Elimination (AMSPARE), પોંડિચેરી-ચેન્નાઈમાં રિસર્ચ, AMR Flows જેવા મોટા પ્રોજેક્ટ્સ સામેલ છે.

### પાકિસ્તાને નિશાન-એ-પાકિસ્તાનની જાહેરાત કરી

# પાકિસ્તાન કાશ્મીરના ભાગલાવાદી નેતા ગિલાનીને સર્વોચ્ચ સન્માન આપશે

શ્રીનગર,તા.૨૮

જમ્મુ કશ્મીરના વિભાજનવાદી નેતા સૈયદ અલી શાહ ગીલાનીને પાકિસ્તાને પોતાનું સર્વોચ્ચ સિવિલ સન્માન આપવાની જાહેરાત કરી હતી. નિશાન-એ-પાકિસ્તાન એવોર્ડ અગાઉ ભારતમાં અભિનયના સરતાજ ગણાતા દિલીપ કુમારને અને જનતા પક્ષની સરકારના વડા પ્રધાન મોરારજી દેસાઇને જાહેર થયો હતો.

સૈયદ અલી શાહ ગીલાનીને આ એવોર્ડ જાહેર કરીને પાકિસ્તાને એ વાતનો જગજાહેર પુરાવો આપ્યો હતો કે ગીલાની પહેલેથી પાકિસ્તાનના ખાંધિયા હતા. જમ્મુ કશ્મીરને ખાસ દરજ્જો આપતી ૩૭૦ની કલમ ભારત સરકારે ગયા વર્ષના ઑગષ્ટની પાંચમીએ રદ કરી ત્યારથી ગીલાની પોતાના ઘરમાં નજરકેદ છે. પાકિસ્તાનની સંસદે ગીલાનીને નિશાન-એ-પાકિસ્તાન આપવાનો ઠરાવ સોમવારે મંજૂર કર્યો હતો. સાથોસાથ ગીલાનીના નામે એક યુનિવર્સિટી સ્થાપવાનો પ્રસ્તાવ પણ રજૂ થયો હતો. પાકિસ્તાની સાંસદ મુશ્તાક અહમદે રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવ મૌખિક મતદાનથી પસાર થયો હતો. જમ્મુ કશ્મીરનો ખાસ દરજ્જો રદ થઇ એની પહેલી વર્ષગાંઠ પર આ નિર્ણય કરીને પાકિસ્તાને વધુ એકવાર પુરવાર કર્યું હતું કે ગીલાની જેવા વિભાજનવાદી નેતાઓ પાકિસ્તાનના ઈશારે જમ્મુ કશ્મીરમાં સતત અશાંતિ સર્જતા હતા. ગીલાની પાકિસ્તાનના ખાંધિયા જેવી હુર્રિયત કોન્ફરન્સના આજીવન અધ્યક્ષ હતા. હુર્રિયતની સ્થાપનાના પહેલા દિવસથી ગીલાની એના સક્રિય સભ્ય હતા. વચ્ચેના સમયગાળામાં વિભાજનવાદી નેતાઓના સોળ જૂથ રચાયા હતા. આ બધા જૂથોને પાકિસ્તાન જમ્મુ કશ્મીરમાં અશાંતિ સર્જવા મબલખ નાણાં આપતું હતું. અન્ય જૂથોને લાગતું હતું કે ગીલાની કશ્મીર મુદ્દે ભારત સરકાર સાથે બહુ સોફ્ટ વલણ અપનાવી રહ્યા છે. ગીલાની ગયા વર્ષના ઑગષ્ટની પાંચમી પછી રાજકીય પ્રવૃત્તિથી ફારેગ થઇ ગયા હતા.

### સમગ્ર રાજ્યમાં એક સમાન દંડ વસૂલાશે

# ૧ ઓગષ્ટથી માસ્ક ન પહેરનાર અને જાહેરમાં થૂંકનારા પાસેથી રૂ.૫૦૦ દંડ વસૂલાશે



ગાંધીનગર,તા.૨૮

કોરોનાનું સંકટ વધી રહ્યું છે ત્યારે સરકાર તરફથી માસ્ક પહેરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. જાહેરમાં માસ્ક નહીં પહેરતા લોકો માટે સરકારે ૨૦૦ રૂપિયા દંડ કરવાનો નિર્ણય કર્યો હતો. જોકે, અમદાવાદ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી આ રકમ વધારીને ૫૦૦ રૂપિયા કરવામાં આવી છે. હવે સરકાર તરફથી આખા ગુજરાતમાં માસ્ક ન પહેરવાના દંડની રકમ વધારીને ૫૦૦ રૂપિયા કરવામાં આવી છે. આ નિયમ પહેલી ઓગસ્ટથી આખા ગુજરાતમાં લાગૂ પડશે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સમગ્ર રાજ્યમાં આગામી ૧ ઓગષ્ટથી જાહેરમાં માસ્ક ન પહેરનારા લોકો તેમજ જાહેરમાં થૂકનારા વ્યક્તિઓને ૫૦૦ રૂપિયાનો દંડ કરવાનો નિર્ણય કર્યો છે. હાલ આ દંડની રકમ રૂપિયા ૨૦૦ છે, આ રકમ પહેલી ઓગષ્ટથી ૫૦૦ રૂપિયા કરવામાં આવશે. આ સાથે જ રાજ્યના લોકોને સરળતાથી માસ્ક મળી રહે તે માટે અમૂલના પાર્લર પરથી બે રૂપિયાની નજીવી કિંમતે સાદા માસ્કનું વેચાણ કરવામાં આવશે.

### અમૂલ પાર્લર પરથી ૨ રૂપિયામાં માસ્ક મળશે

નોંધનીય છે કે આ પહેલા પણ અમૂલ પાર્લર પરથી લોકો એન૯૫ અને સર્જિકલ માસ્ક લોકો ઓછી કિંમતે મેળવી શકતા હતા. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે માસ્ક પહેરવું જરૂરી છે. સરકારની અનેક અપીલ છતાં લોકો જાહેરમાં નીકળતી વખતે માસ્ક નથી પહેરી રહ્યા. આથી જ સરકારે હવે દંડની રકમ વધારવાની ફરજ પડી છે. સરકારે બહાર નીકળવાની તેમજ ધંધા રોજગાર શરૂ કરવાની છૂટ આપી દીધા બાદ લોકો એવી રીતે વર્તન કરી રહ્યા છે કે જાણે રાજ્યમાંથી કોરોના ભાગી ગયો છે. ગુજરાત હાઈકોર્ટે સરકારને કરી હતી ટકોરનોંધનીય છે કે ગત અઠવાડિયે ગુજરાત હાઈકોર્ટ તરફથી સરકારને માસ્ક બાબતે ટકોર કરવામાં આવી હતી. હાઈકોર્ટે સરકારને ટકોર કરતા કહ્યુ હતું કે માસ્ક વગર ફરતા લોકોને ૧,૦૦૦ રૂપિયા સુધી દંડ કરવામાં આવશે. આ મામલે કોઈને શું લાગશે તેનો વિચાર કર્યા વગર સરકાર માસ્કનો ફરજિયાત અમલ કરાવે. હાઈકોર્ટે રાજ્ય સરકારને ટકોર કરી હતી કે ઘણાં લોકોમાં માસ્ક ન પહેરવાની ટેવ છે. લોકો આ બાબતને ગંભીરતાથી લે તે માટે માસ્ક ન પહેરનારાં લોકો પાસેથી સરકારે એક હજાર રૂપિયાનો દંડ લેવો જોઈએ. સરકાર તરફથી હાઈકોર્ટમાં રજુઆત કરવામાં આવી હતી કે સુરત અને અમદાવાદમાં માસ્ક ન પહેરવા માટે ૫૦૦ રૂપિયા દંડ વસૂલવામાં આવે છે. અન્ય જગ્યાએ ૨૦૦ રૂપિયા દંડ લેવામાં આવે છે. આ મામલે હાઈકોર્ટે સૂચન કર્યું હતું કે લોકો આ વાતને ગંભીરતાથી લે તે માટે દંડની રકમ વધારવી જરૂરી છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા: ૧૧૦૮**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૫૭૯૮૨**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૨૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૧૦૩૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૪૨૪૧૨**

### બીજી ૧૫ અને ત્રીજી ૨૨ ઓક્ટોબરે થશે

# રાષ્ટ્રપતિની ચૂંટણી: ટ્રમ્પ-બાઈડન વચ્ચે ૨૯ સપ્ટેમ્બરે થશે પહેલી પ્રેસિડેન્શિયલ ડિબેટ

### બીજી ડિબેટ ૧૫ ઓક્ટોબરે ફ્લોરિડાના મિયામી અને ત્રીજી ૨૨ ઓક્ટોબરે બેલમોન્ટ યુનિવર્સિટી ટેનેસીમાં થશે



વોશિંગ્ટન,તા.૨૮

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી ૩ નવેમ્બરે થવાની છે. તેના માટે ખૂબ મહત્વની પ્રેસિડેન્શિયલ ડિબેટ વિશે પણ ખુલાસો થઈ ગયો છે. હાલના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમને પડકાર આપતા ડેમોક્રેટ પાર્ટીના ઉમેદવાર જો બાઈડન વચ્ચે પહેલી ડિબેટ ૨૯ સપ્ટેમ્બરે થવાની છે. ત્યારપછી ૧૫ અને ૨૨ ઓક્ટોબર ક્રમશઃ બીજી અને ત્રીજી ડિબેટ કરવામાં આવશે. ચર્ચા માટે ત્રણેય શહેરની પણ પસંદગી કરી લેવામાં આવી છે.

ચર્ચા માટે કમિશન ઓન પ્રેસિડેન્શિયલ ડિબેટએ શિડ્યુલ જાહેર કરી દીધું છે. તે પ્રમાણે પહેલી ડિબેટ ૨૯ સપ્ટેમ્બરે ઓહિયોના ક્લીવલેન્ડમાં કરવામાં આવશે. તેનું આયોજન વેસ્ટર્ન રિઝર્વ યૂનિવર્સિટી અને ક્લીવલેન્ડ ક્લીનિક મળીને કરશે.

બીજી ડિબેટ ૧૫ ઓક્ટોબરે ફ્લોરિડાના મિયામી અને ત્રીજી ૨૨ ઓક્ટોબરે બેલમોન્ટ યુનિવર્સિટી ટેનેસીમાં થશે. વાઈસ પ્રેસિડેન્શિયલ ડિબેટ ઉટાહની સાલ્ટ લેક સિટીમાં થશે. તેમાં વાઈસ પ્રેસિડન્ટ માઈક પેન્સ અને તેમના વિરુદ્ધ ચૂંટણી લડનાર ઉમેદવાર ભાગ લેશે. જો બાઈડને અત્યાર સુધી વાઈસ પ્રેસિડન્ટના નામનો ખુલાસો નથી કર્યો.

દરેક ચર્ચા ૯૦ મિનિટની એટલે કે દોઢ કલાકની રહેશે. રાત્રે ૯ વાગે (લોકલ ટાઈમ) શરૂ થશે અને ૧૦.૩૦ સુધી ચાલશે. વ્હાઈટ હાઉસ પુલ નેટવર્ક પર દરેક ડિબેટનું લાઈવ ટેલિકાસ્ટ અને ત્યારપછી તેનું એનાલિસિસ રજૂ કરવામાં આવશે.

## તંત્રી સ્થાનેથી...

# આરબીઆઈ પૂર્વ ગવર્નરોએ કેન્દ્ર સરકારની નીતિ જાહેર કરી દીધી કે શું....?

દેશભરમાં કોરોના મહામારી વચ્ચે દગાખોર મિત્રએ ભારત સરહદે ઉબાડીયા કરવા સાથે ભારતના ૨૦ યુવાનોને શહીદ કરવા સામે દેશભરમાં ભારે આક્રોશ ભભૂકી ઊઠયો અને તે માત્ર દુશ્મન સામે જ નહીં પરંતુ વડાપ્રધાન સામે પણ કારણ કે તેઓએ સર્વપક્ષીય બેઠકમાં કહ્યું હતું કે આપણે ભૂમિ પર ચીને પ્રવેશ કર્યો નથી... પરંતુ વિદેશી બિઝનેસ સેટેલાઈટ દ્વારા બહાર આવેલ તસવીરોએ ચીનની ભારતીય સરહદમાંની લશ્કરી જમાવટ સહિતની વિગતો જાહેર થતાં દેશભરમાં લોકોમાં ભારે આક્રોશ ફરી વળ્યો. તો વિશ્વના અનેક દેશો ભારત સરકાર સામે શંકાની દૃષ્ટિએ જોવા લાગ્યા. દેશભરમાં લોકોએ ચીની ઉત્પાદનોનો ભારે બહિષ્કાર કર્યો... તેમાં મોટા પ્રમાણમાં માલસામાનની આયાત કરનાર વેપારીએ તેમજ નાના વેપારીઓએ પણ ચાઈના માલ સામાનના ઓર્ડરો રદ કરવા સાથે બહિષ્કાર કર્યો. લોકોએ સોશિયલ મીડિયા પર ભાજપા રાજનેતાઓને તેમની ૨૦૧૪ ની વાતો યાદ કરાવી એકના બદલે દશ માથા લાવવાની..... હવે ચીને ભારતના ૨૦ જવાનોને શહીદ કર્યા... હવે શું....? અને ચીનનું નામ લેતા પણ રાજનેતાઓ કેમ ડરે છે....? પ્રજા આક્રોશ સમજીને સરકારે ચીનની ૫૯ એપ પર પ્રતિબંધ મુકી દીધો... તો લોકોના સોશ્યલ મીડિયા પર સવાલ ઊઠયા ૪૦ જવાનો કાશ્મીર શહીદ થયા તેમા ૩૦૦ કિલો આરડીએક્સ ભરેલી કાર ક્યાંથી આવી અને તેના ગુનેગાર કેમ નથી પકડાયા....? કેન્દ્ર સરકારે-ગૃહમંત્રીએ મોટી ગુલબાંગો મારી હતી..... તો શું ચીને કરેલા ૨૦ શહીદોનો બદલો ચીની એપ પર પાબંધી કરવાથી લીધો....? ફરીવાર સરકારે તાજેતરમાં દેશ માટે જોખમરૂપ એવી ચીનની ૪૭ એપ પર પ્રતિબંધ ફરમાવતા લોકોએ મીડિયા પર શહીદોને યાદ કર્યા......આરબીઆઈના પૂર્વ ગવર્નરો રાજનની કેન્દ્ર સરકારને સલાહ આપે ચેતવણી,ઉર્જીત પટેલે બહાર પાડેલી સરકારની પોલ, પૂર્વ ડેપ્યુટી ગવર્નર વિરલ આચાર્યએ જાહેર કરેલ પુસ્તકમાં કેન્દ્રની ભાજપા સરકારની નીતિ ખુલ્લી પાડવા સાથે કેન્દ્ર સરકારને પ્રજા વચ્ચે લાવીને મૂકી દીધી છે.... ત્યારે શિક્ષિત યુવાધન, બૈરોજગારો સહિતના જાગૃત લોકો સવાલ કરે છે કે પ્રજાને ૨૦૧૪ માં ભાજપાના નેતાઓએ જે વચનો આપ્યા હતા તેના પર વિશ્વાસ મૂકી લોકોએ થોકબંધ મત આપી ભાજપા સરકાર બનાવી... ત્યારબાદ ચૂંટણી સમયમા આપેલ વચનો ખૂણામા ધકેલાઈ ગયા છે....! તો હવે નોકરી મળવાના ફાફા છે, રોજગારી ભયાનક વધી છે, મોંઘવારીએ માઝા મૂકી છે, પેટ્રોલ-ડીઝલના ભાવો પણ આસમાને પહોંચ્યા છે... આમ પ્રજા પરેશાન છે-ત્રસ્ત છે.... રાહત કે શાંતિનું નામોનિશાન નથી....! સરકારે જે પગલાં લીધા તે તમામ પગલા આમ પ્રજાને-કોમન મેન માટે નુકસાન કરતાં જ લીધા છે....!? બસ હવે ઘણું થયું... દેશ નહીં બિકને દૂંગા એ તમારું વચન યાદ છે કે પછી....!??આવા અનેક પ્રકારના સવાલો ઉઠવા પામ્યા છે....!

"ગુજરાતમાં નવનિયુક્ત ભાજપા પ્રદેશ પ્રમુખ પાટીલે પ્રથમવાર ધડાકાભેર કહ્યું કે મારે પક્ષપલટુઓની જરૂર નથી. ભાજપા કાર્યકરો પોતાના દમ પર ચૂંટણી જીતી બતાવશે. કોંગ્રેસ માટે પ્રવેશ દ્વાર બંધ છે. અને પાટીલજીની આ વાતે આમ પ્રજામાં ભારે ચર્ચાઓ ઉઠવા પામી છે... તો સોશિયલ મીડિયા પર પણ મારો ચાલુ રહ્યો છે....! જેમાં ભાજપાની સરકારમાં મંત્રી પદે કોંગ્રેસમાંથી ભાજપામાં આવેલા છે...તેમજ કેટલા ધારાસભ્યો અગત્યના પદો કે સ્થાનો ઉપર બિરાજી રહ્યાં છે...? અત્યારે ગુજરાતમાં કોંગ્રેસ યુક્ત ભાજપા સરકાર છે તે યાદ રાખજો. અને રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસ છોડનારાઓને ભાજપમાં પ્રવેશ આપી તેમજ પેટા ચૂંટણીમાં તેમને ભાજપના ઉમેદવાર નક્કી કરવાના છો... ત્યારે શું જુના ભાજપના કાર્યકરોએ એક સમયે ભાજપા માટે એલ ફેલ બોલનારાઓને જ ખભે બેસાડવાના કે તેમની પાલખી ઉપાડવાની છે.....? ભાજપમાં હવે આ બાબતે આંતરિક વિરોધ પરાકાષ્ઠા છે....! તો પાટીલજી પહેલા તેનો નિકાલ કરો નહિ તો તમારું બોલેલુ હવાઈ જશે તે નક્કી છે.....!! રાજકીય ક્ષેત્રે અને જાગૃત તથા શિક્ષિત લોકોમાં રાજસ્થાન ગેહલોત સરકાર ઉથલાવવાના જે ખેલ ચાલી રહ્યા છે તેના અંગે વધુ ચર્ચા છે... કારણ ભાજપા રાજનેતાઓ દેશમાં વિરોધ કરનારાઓ રહેવાથી ન જોઈએ તેવી નીતિથી ચાલી રહ્યા છે....! પહેલા મધ્યપ્રદેશની કોંગ્રેસ સરકારને પાડી દીધી. અને પછી વડાપ્રધાનશ્રીએ જે મુખ્યમંત્રી ગેહલોતના કોરોના નાથવા લીધેલા પગલાંની ભરપૂર વખાણ કરી તે મોડેલ અપનાવવા અન્ય રાજ્યોની સરકારોને સલાહ આપી તે રાજસ્થાનની કોંગ્રેસની ગેહલોત સરકારને જ ઘરભેગી કરવાનો ખેલ પાડી દેવામાં આવ્યો....પરંતુ એક સમયે ગેહલોતજીએ ટંડન સરકારને પડવા દીધી ન હતી. તેનો ઈતિહાસ યાદ નેતાઓએ જોઈ લેવાની જરૂર છે....! બાકી ગેહલોત સરકારને આંચ નહી આવે તેવું રાજસ્થાનના નેતાઓ અને રાજનેતાઓએ સ્વીકારીને મૌન ધારણ કરી લીધું છે....! પણ એક વાત ચોક્કસ છે કે લોકશાહી ટકાવવા મજબૂત વિરોધ પક્ષ અતિ જરૂરી છે....આવશ્યક છે નહી તો.... સામ્રાજ્યવાદ આવતા કોઈ રોકી નહીં શકે.....!?

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૯-૭-૨૦૨૦, બુધવાર, શ્રાવણ સુદ-૧૦
સૂર્યોદય-૬-૧૯, સૂર્યાસ્ત-૭-૨૮, જૈન નવકારશી-૭-૦૭,
આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ વિશાખા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર


**- શુભ ચોઘડીયા -**

૬-૧૯થી લાભ-અમૃત-૯-૩૬ સુધી, ૧૧-૧૫ થી શુભ-૧૨-૫૩ સુધી, ૧૬-૧૦થી ચલ-લાભ-૧૯-૨૮ સુધી, ૨૦-૪૯થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૩ સુધી

**- શુભ હોરા-**

૬-૧૯થી ૮-૩૦ સુધી, ૯-૩૬થી ૧૦-૪૨ સુધી, ૧૨-૫૩ થી ૧૬-૧૦ સુધી, ૧૭-૧૬થી ૧૮-૨૨ સુધી

# ધાર્મિક અને રાજકીય સંસ્કારઃ બન્નેના મૂળ માનવતા માં છે




આજકાલ લોકો ને એમ કેહવામાં શરમ પણ નથી આવતી કે 'પ્રેમ અને રાજકારણમાં' કોઈ બંધન હોતું નથી. ભલે પછી તે રમત માં 'છળ, કપટ, જૂઠું અને ચોરી ચપાટી ભરેલું હોઈ પણ ગમે તેમ કરી પણ પોતાની જીત થઇ છે તેમ ઘમંડી દ્રિષ્ટિ રહે છે. ઘણા માં-બાપ ને તો આવું શીખવાડવા માં લો જરા પણ શરમ નથી પણ ઉપરથી મોટો ગર્વ અનુભવે છે. મોટા ભાગના માણસો ખુબજ સમજદાર અને સંયમ રાખનારા હોયછે.પરંતુ આમ જોવા જાવ તો આજે સામાજિક અવ્યવસ્થા માટે આપણે જ જવાબદાર ગણી શકાય.

પણ કોઈ એક નાનું સ્વાર્થી ટોળું ધર્મ અને રાજકારણ ને ગંદુ બનાવી સમજનો પોતાના અંગત અને રાજકીય પક્ષનો ફાયદા માટે ઉપયોગ કરિ લે છે. મોટાભાગના દરેક ધર્મમાં એવા પણ લોકો હોઈ છે કે જે હંમેશા એમજ માનતા હોઈ છે કે ક્ક્ત તેમના પોતાનજ ધર્મમાં સારી સંસ્કુતી છે અને બીજા કોઈ ધર્મમાં નથી, તેમ માનવું એ પણ એક આપણી બુદ્ધિની પરાકાષ્ઠ કહેવાય. અને, એવું પણ માનવું કે અધાર્મિક વ્યક્તિ (જે કોઈ ધાર્મિક પ્રવૃત્તિઓમાં નથી માનતો) તેનામાં કોઈ સંસ્કારજ નથી, આવું માનવું ખોટું છે. દુનિયામાં ઘણા નાસ્તિકો છે છતાં જે લોકો ન્યાય અને સત્યના સિદ્ધાંતો માટે પોતાનું જીવન આપેછે.

હવે 'કળ યુગની' શરૂઆત થઇ એમ ઘણા કહે છે.વાત પણ સાચી છે કારણકે આપણે 'ધર્મ' કરતા એન્ધશ્રદ્દામાં વધારે હોવાથી ધુતારાઓ આપણી 'અસ્થાને' નામે ગંદુ રાજકારણ વેચી જાય છે અને આપણે ખરીદાઈ પણ જઈએ છીએ. આમ જુવો તો ધાર્મિક સંસ્કારના મૂળ 'માનવતામાંથી' જ શરુ થાય છે. જયારે માનવી પોતાની માનવતા ભુલી જાયછે ત્યારે ત્યારે ધર્મની પડતી નિશ્ચિત છે.

આમ જોવા જાવ તો ધાર્મિક સંસ્કારના મૂળ ભૂંસાઈ જવા મંડ્યા છે. જેમ-જેમ સમય જતો જાય છે તેમ-તેમ આપણને સમાજમાં કોમો અને જ્ઞાતિઓ વચ્ચે દ્વેષ અને ત્રિરસ્કરના બીજો રોપા તા દેખાય છે. પેહલા મિયાં અને હિન્દૂ વચ્ચે, પણ હવે બ્રાહ્મણો, વાણીયા અને પટેલ પણ જાણે જેમ નીચલી-કોમો ઉપર દાંતિયા કરી થાકી ગયા હોઈ તેમ ગંદવાડો ઉડાડવાનું શીખી ગયા છે.

હવે તો ધર્મગુરુઓના મઠો પણ એક બીજા ઉપર જેમ જુના જમાનામાં રાજાઓ કરતા તેમ ઘૂરકિયાં કરતા કરી દેવામાં આવ્યા છે. આનું કારણ આપણને બીના-સમજે કે વિચારે ધાર્મિક પ્રસન્ગો જેવીકે કથા,વાર્તા, હાવનો અને વીઝી ઉજવણજોનું મહત્વ ફક્ત જોરશોરર્થી એક 'રાજકીય' સંદેશો' ઉભો કરવામાં જોડી દીધો છે. ધાર્મિક-પાખંડીઓ અને રાજકીય ગુંડાઓ બન્ને એ ભેગા થઇ અને 'પૈસો અને જમીનો' કેવીરીતે નીચોવી લેવી તેની જાણે હોડમાં પડ્યા છે. આને માટે તેમને એકહથ્થું સત્તા કીવીરીતે હાસાલ કરવી અને પછી તેના ઉપર કેટલી મોટી જક્ક્ડ રખાય તેની જ વધારે પડી હોઈ છે. હા, છાતિ ઉપર હાથ મૂકે વિચારશો તો આ તમને એક સાચી હકીકત લાગશે.

આને માટે પૈસા ક્યાંથી આવે છે? અને સરકારી વસ્તુઓ અને નોકરશાહી નો કેવી રીતે ઉપયોગ કરાય છે? અને સરકારી ખજાનામાંથી પૈસા અને સગવડો 'કાયદેસર' કેવીરીતે કાઢી વપરાય તેને માટેના બધાજ દાવપેચનો હવે આપણું રાજકારણ એક મોટો આખાડો બની ગયો છે. કોઈ 'જવાબદારી' (accountibility) માંગવાની હિંમત કરે તો તેની મજાઝક ઉડાવાય છે અને સમાજમાં દેશ દ્રોહી છે તેવું કહી વગોવાય છે. છેવટે તેના ઉપર આખી સરકારની તાપસ સંસ્થાઓ તેમના અને તેમના કુટુંબી જાણો ઉપર તૂટી પડે છે. જે હા.માં હા.. પુરાવે તે દુધે નાહીને ગંગા સન્નાન કરી કાલીન 'ચિટ' મેળવી પવિત્ર થઇ જાય છે.

પુરી વ્યવસ્થા અને પ્રત્રકારિત્વતા નું સ્તર એટલું નીચે ઉતારી નીચું ઉતરી ગયું છે કે આપણ ને તો ફક્ત ' વાહ..વાહ..વાહ માટેજ ઉશ્કેરાય છે. સરકાર અને કાયદાના દાવપેચની મદદથી ધુતારા ધાર્મિક નેતાઓ એક લુટેરા બની બેઠા છે. અને ધાર્મિક સમાજોમાં અનેક પ્રકારની ધાર્મિક પ્રવૃતિઓ અને દાન-ધર્મ નો રિવાજ ની એક સ્વીકારાયેલી પદ્ધતિ છે તેનું પણ હવે રાજકારણમાં ખેંચી લાવી-ખરીદી- આવી પ્રવૃત્તિઓને તેટલુંજ મહત્વતા આપી પોતાનો રાજકીય રોટલો સેકાઈ રહ્યો છે.

આજની રાજકીય સફળતા કોણ કેટલા પૈસા આપી મોટી સત્તા ની ખુરસી લઇ શકે છે, પછી તે ભલેને નેતા હોય કે ન્યાયાધીશ બધાની પણ એક કિંમ્મત હોઇ છે. અને હિસાબ-કિતાબ માટે 'કેશ ઓર કાઈન્ડ (CASH OR KIND) થી સોદા પણ એક રાજકીય ફાયદાની કરન્સીમાં જ હોય છે. જે મોટામાં મોટ્ટો ગુંડો હોય અને કાયદાની ચુંગાલમાંથી નીકળવા ના બધાજ દાવ પેચ જાણતો હોઈ તો તેની બિનશમિ હિમત્ત ભલભલાના ગાળામાં 'કુતરાનો પટ્ટો' નખાવી તેને પૂંછડી પટપટાવતો કરી નાખાવાની બની જાય છે. પણ, લોકોને પણ આવા ને જ ખરેખર 'પૂજતા' થઇ ગયા છે. પછી 'મેં ભી અન્ના' ની ટોપીઓ' પેહરી ફરતા આજે બ્હ્રસ્ટાચાર શું છે એ ભૂલી ગયા લાગે છે.

આ કળિયુગનું ગાંડપણ પણ અજીબ-ગજીબ નું છે. 'માનવતાના' સિદ્ધાંતો વગરના 'કાડડપાઓ' (બાહુબલી નું એક કેરેક્ટર) જેવાઓને પોતાની આસપાસ પોષી રાખી પોતાનું કામ કરવતા અને પોતાને 'દેવ-દેવીઓના પણ નેતા' છે એમ કહેડાવવામાં પણ પોતાની મહાનતા ગણાંવનારાઓની જાણે કોઈ ખોટ જ નથી.

આ બતાવે છે કે રાજકારણ માં પોતાની મહત્વતા માટે પોતાના 'ધર્મ અને દેવદેવીઓનું' ઘોર અપમાન કરવામાં પણ આવા લોકોને જરા પણ શરમ નથી.પણ આપણ ને ચૂપ રેહવાનું?

રાજકીય સંસ્કારો જેને 'રાજધર્મ' કહેવાય તે કોઈ પણ એક સારો માણસ પણ શીખી શકે છે. પણ તેને માટે સારા સંસ્કાર અને માનવતા સમજવાનું શિક્ષણ અને અનુભવોની જરૂરીયાત હોય છે. પેહલા જમાનાના લોકો - રાજાઓ પણ -પોતાના છોકરાઓને ગુરુ કુળમાં મોકલતા.આજે ગુરુકુલો ફક્ત સત્તા અને પૈસા કેવી રીતે હાસિલ કરવા તેમાટે જ તૈયારી કરાવે છે. યૌવાન છોકરાઓને ટોળાં બનાવી બીજી કોમને કેવી રીતે રંઝાડવી એને ખુલ્લે આમ મારી નાખવા એને 'ધાર્મિક સેવા' ગણવામાં આવે છે. આ છોકરોનું ભવિષ્ય શું હશે?

જો એક માણસ ધાર્મિક હોય તો તેનું માનવતાનું સ્વરૂપ તેના રાજકીય વર્તન અને નિર્ણયોમાં જોવા મળશે. આની શરુવાત 'સત્ય અને અહિંસા થી શરુ થાય છે. મોટી મોટી ડિંગો મારનાર અને સફેદ જૂઠ બોલનારા નેતાઓ ને શ્રેષ્ઠ ગણાય અને સીધું સાદું અને સરળ સત્ય બોલનાર ને 'પપુ' બનાવી બદનામ કરાય તેવું આજનું રાજકારણ કરી નાખ્યું છે.

રાજકીય સંસ્કારો વાળો નેતા જનતાની હૂંફ બની રહે છે અને તેને માટે ઇતિહાસમાં પોતાનું નામ કમાઈ જાય છે. ફક્ત પોતાની બ્રાન્ડ નો પ્રચાર કરવા વાળો છેવટે તો 'ધોવાઈ' જાય છે જ ભલેને પછી આવા અસંસ્કારી ફક્ત પૈસા ખર્ચી 'નામના કામમાવવા' પાછળ છળ-કપટ અને જૂઠ નો પ્રચાર ની રાજનીતિ કરી સત્તા જકડી રાખે છે ને. રાવણ થી માંડીહિટલર બધાના શું હાલ થયા છે તે ઇતિહાસમાં લોહીથી લખાયેલું છે. રાજકીય સંસ્કારોનો પાયો દેશના રાજકીય બંધારણ થી બનાવાય છે. આ રાજ્ય ધર્મની રૂપરેખાની હદો આપે છે. આઝાદી દરમ્યાન અહીં બંધારણનો ઢાંચો 'લોહશાહી'ના સ્વરૂપમાં સ્થાપિત કરાયો હતો. જેનાથી ભારત ની જનતાને દેશ માટેના કેવી વ્યવસ્થા કરવી તેનો બધા જ બરાબરી ના ભાગીદારીઓ બની નિર્ણય લઇ શકે. જયારે, કોઈ એક ધર્મનું જૂથ પોતાની સત્તા નો ઉપયોગ કરી 'મૂળભૂત' સિદ્ધાંતો માં પણ પોતાના ફાયદા મુજબ ફેરફાર કરી પોતાનું જોર ચાલુ રાખવાની ચાલ-ચાલે તો ધાર્મિક અને રાજકીય સંસ્કારોનું ઘોર 'ખૂન' કરાયું ગણાય.

એક ધાર્મિક વ્યક્તિના પોતાના આંતરિક સભ્યતાનું મૂલ્ય સત્તા મેળવવા માટે અને કોઈ એક રાજકીય પક્ષના ફાયદામાટે કેળવાય તો ધર્મ અને રાજકારણ બંને ના સંસ્કારના મૂળ સિદ્ધાંતો નો મૂલ્યોનો નષટતા તરફ પ્રયાણ નિશ્ચિત થાય છે. ધર્મ અને રાજકીય સંસ્કારો બંને અલગ અલગ હોવા છતાં વ્યક્તિગત રૂપે ખુબજ કિંમતી છે. પણ જયારે માનવી આ બન્ને ગુણોને એક રાજકીય સ્વાર્થમાટે સારી સામુહિક દ્રષ્ટિએ કેવળ 'સત્તા' મેળવવા કે ટકાવી રાખવવા માટે ઉપયોગ કરવામાંડે છે ત્યારે માનવધર્મ અને સામાજિક વ્યવસ્થા નો પણ અંત આવવાની શરુ આત થાય તે પણ નિશ્ચિત છે. ( આપણા શાસ્ત્રોમાં કૌવરવો અને રાવણના જેવા ઘણા ઉદાહરણો છે) ધર્મ આત્માની શુદ્ધિ માટે છે જયારે સારું અને સ્વછ અને નિષ્ઠા પૂર્ણ રાજકીય સંસ્કારિતા નું આચરણ એ સામાજિક વ્યવસ્થા ના સુધારા વધારા ને માટેની એક જાડી બુટ્ટી સાબિત થઇ શકે છે.

શ્રી ભાગવત ગીતાના ઉપાસક મહાત્મા ગાંધી એ પોતાના જીવન ને 'સત્ય અને અહિંસા' ના એક પ્રયોગ માટે કઢ્યું, પણ તેમને આપણે 'નમાલો' 'બીકણ' કહ્યો. તેની 'સત્ય, અહિંસા અને માનવ સમાનતા ની' વિચાર ધરાને હસી પાત્ર બનાવી મશ્કરીઓ કરનારા કમનસીબે ભરમાં કેટલાક કટ્ટર હિંદુઓ જ છે. અને એક હત્ત્યાચરો,(જેને આતંગવાદિ જ કહેવાય) તે પણ એક હિન્દુ, (fanatic Hindu) જેણે ધર્મના નામે એક બિન હથિયાર, ૭૮ વર્ષના વૃદ્ધ જયારે પ્રાર્થના કરવા જતા હતા ત્યારે તેની 'ગોળી' મારી હત્યા કરી અને તેને હજુ પણ કેટલાક હિંદુઓ આ હતિયારને પોતાનો હીરો કેહતા જરા પણ શર્માતા નથી. આવી માનસિકતા, અહીં, બંન્ને, ધાર્મિક અને રાજકીય સંસ્કારો ની એક ખુલ્લેઆમ હત્યા થઇ જોઈ શકાય છે.

રાજકીય વિચારધારા ઓનો વિરુદ્ધ કે માતભેદ હોઈ શકે, પણ ખુલ્લેઆમ બિનહથિયારી નું ખૂન, તેમાંય જે 'અહિંસામાં' માનતા હતા તેમનું, કેવીરીતે એક 'હિન્દુત્વતા ના રાજકારણ નું' પ્રતીક ગણી શકાય? આવા હિન્દુત્વતનું ભારતના મોટા ભાગના સારા હિંદુઓ ભાગ્યેજ સ્વીકારી શકે.

જો રાજકીય સંસ્કારની દ્રષ્ટિએ જોવા જાવ તો આને 'આતંગવાદિ હુમલા' સિવાય બીજું કોઈ નામ પણ કેવીરીતે આપી શકીયે? અહીં, ધર્મ અને રાજકીય સ્વાર્થ બંને ને ભેગા કરાયાનું પરિણામ છે અને આવીજ વિચારધારા ઓ 'આતંકવાદીઓને' જન્માવે છે. (જેમકે ઇસ્લામમાં પણ ધર્મો ઉપયોગ કરી જુવાનિયાઓને આવે રસ્તે લઇ જવાય છે) બીજી બાજુ, જયારે લોકોની ધાર્મિક શ્રદ્ધા ઓનો ખુલ્લે ખુલ્લો દૂર-ઉપયોગ કરી ગંદુ રાજકારણ રમવા માટે લોકોની આંખોમાં ધૂળ નાખી શકાય છે. કારણ કે, કોઈ પણ ધાર્મિક સમાજ લો કે દેશ ભક્ત લો પણ માનવોની 'પ્રભુ' અને પોતાના 'ધર્મ' પ્રયતેની આસ્થા ખુબજ ઉંડી હોય છે. અને તેથીજ તેને આજના આ ખુલ્લેઆમ 'રાજકીય માર્કેટિંગમાં' ઉપયોગ કરવાનું સરળ પડી જાય છે.

છેલ્લા દાસ્કા ઉપરના સમય દરમયાન આપણે કેટલી બધી વાર એવા ધાર્મિક-સંતો ને પોતાના પ્રવચનો- કથા-વાર્તા માં 'રાજકારણ' પણ ઉમેરતા થઇ ગયા હોવાનું જોયું છે. તેમનો પણ વાંક કેવી રીતે કહેવાય કરકે જો ' હિંદુત્વના રાજકરણમાં' એ હા-માં-હા ના મેળવી એક સર્ટિફિકેટ ના લે તો પોતાના જ ધન્ધા-પાણી બન્ધ થઇ જાય ને!

આજે લોકશાહીમાં પણ કોઈ આવાજ ઉઠાવતા પેહલા બે વાર વિચાર કરે છે, બીક છે કે ક્યાં ધર્મ-રક્ષકો ના નામે ગુંડાઓ ધારે તેને મારઝુડ કરી બેસે છે તેનું લાયસન્સ છે તો પછી મારે શુ કરવા મુશ્કેલી ને આવકારવી. આ છે આપણા ધર્મ અને રાજકારણી પરિસ્થિતિ. માટે આપણા બાળકો અને યુવાવર્ગને ધર્મ સંસ્કાર અને રાજ્ય સંસ્કાર બંને વિષે એક સારું અને યોગ્ય શિક્ષણ મળે તેવું વાતાવરણ ઉભું કરવું જરૂરી છે.

બીજા ધર્મ વાળા આવી આપનો ધર્મ નાશ કરશે એવું માનવાની કોઈ જરૂર નથી. આપણા રાજકીય અને ધાર્મિક ગુંડાઓ આપણે ડરાવી તેમના 'સંઘમાં(ટોળાં)'માં અક્ષરશી અને ભેળા કરવાનો એક કીમિયો કરે છે. માટે આપણે આપણા પગ ઉપરજ કુહાડો મારી આપણા ધર્મ અને દેશને અંધાધુંધીમાં ના નાખવું જોઈએ. Not in the name of my religion અને બંધારણ ને તોડી પાડવાના ઈરાદાથી.

બુદ્ધદેવ પંડ્યા MBE, યુનાઇટેડ કિંગડમ July 2020 Feedback: buddhdevp@gmail.com

# એમસીએક્સનો ચોખ્ખો નફો નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ત્રિમાસિકગાળામાં ૨૯% વધીને રૂ.૫૬.૪૩ કરોડ

## નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ત્રિમાસિકગાળામાં એમસીએક્સની એકત્રિત કુલ આવક ૧૧% વધીને રૂ.૧૨૨.૭૦ કરોડ

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ભારતના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ. (એમસીએક્સ)એ ૩૦ જૂન, ૨૦૨૦ના પૂર્ણ થયેલા પ્રથમ ત્રિમાસિકગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી હતી.

એમસીએક્સે ૩૦ જૂન, ૨૦૨૦ના રોજ પૂર્ણ થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ત્રિમાસિકગાળામાં ૧૧%ની વૃદ્ધિ સાથે રૂ.૧૨૨.૭૦ કરોડની કુલ આવક હાંસલ કરી છે, જે ગત ૩૦ જૂન, ૨૦૧૯ના રોજ પૂર્ણ થયેલા નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ત્રિમાસિકગાળામાં રૂ.૧૧૦.૮૪ કરોડની હતી. જયારે આ સમાનગાળામાં ઓપરેટિંગ આવક ગત રૂ.૮૪.૯૭ કરોડથી ૧૪% ઘટીને રૂ.૭૩.૦૧ કરોડની થઈ છે. ચોખ્ખો નફો ૩૦ જૂન, ૨૦૨૦ના પૂર્ણ થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ત્રિમાસિકગાળામાં ૨૯% વધીને રૂ.૫૬.૪૩ કરોડનો થયો છે, જે ગત ૩૦ જૂન, ૨૦૧૯ના પૂર્ણ થયેલા નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ત્રિમાસિકગાળામાં રૂ.૪૩.૭૦ કરોડનો હતો.

ઈબીઆઈટીડીએ ગત ૩૦ જૂન, ૨૦૧૯-૨૦ના પૂર્ણ થયેલા પ્રથમ ત્રિમાસિકગાળાના રૂ.૫૮.૯૯ કરોડથી ૨૯% વધીને ૩૦ જૂન, ૨૦૨૦-૨૧ના પૂર્ણ થયેલા સમીક્ષા હેઠળના પ્રથમ ત્રિમાસિકગાળામાં રૂ.૭૬.૨૦ કરોડની રહી છે. સમીક્ષા હેઠળના ગાળામાં ઈબીઆઈટીડીએ માર્જિન ૬૨.૧૦% અને કરવેરા બાદના નફાનું માર્જિન ૪૬% થયું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ત્રિમાસિકગાળા દરમિયાન એક્સચેન્જની કામગીરી પર એક નજર નાખીએ તો એક્સચેન્જ પર ટ્રેડેડ કોમોડિટી વાયદા કોન્ટ્રેક્ટ્સનું સરેરાશ દૈનિક ટર્નઓવર ગત ગાળાના રૂ.૨૭,૪૭૩ કરોડથી ૧૬% ઘટીને સમીક્ષા હેઠળના ગાળામાં રૂ.૨૩,૧૨૯નું નોંધાયું હતું, જયારે કોમોડિટી ડેરિવેટિવ્ઝ ક્ષેત્રે બજાર હિસ્સો ૯૧.૬૦%થી વધીને ૯૬.૭૧%નો થયો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ત્રિમાસિકગાળા દરમિયાન, એક્સચેન્જના મેકેનિઝમ મારફત કુલ ૨૧,૦૨૮ મે.ટન બેઝ મેટલ્સની ડિલિવરી થઈ હતી, જે ગત નાણાકીય વર્ષના સમાનગાળા દરમિયાન ૪,૭૭૩.૫૦ મે.ટનની થઈ હતી.

## I Love my Age & what I have

હા,હું પ્રેમ કરું છું..
મારી વધી રહેલી ઉંમરને,
ગમી રહ્યું છે શાણપણ,
તો યે શરારત હું કરું છું.
કેટલીક જવાબદારીથી
મુક્ત થઈ ચૂકયો છું,
બની બેફિકર મારી માટે
હવે હું જીવું છું.
શું વિચારશે કોઈ એની
હવે પરવાહ નથી,
શું કરવું છે હાંસિલ એ
હવે સમજી લીધું છે.
જીવી રહયો છું મરજી
મુજબ ને ખૂબ મોજથી,
શોખને પાંખો આપી
આભ માં ઊંચે ઊડું છું.
સફેદી વાળમાં આછી
ને કરચલી ચહેરે થોડી,
મારા સૌંદર્યને જાણે
વધારે ખીલવી રહ્યું છે.
જીવું છું સ્વમાનભેર ને
છું પ્રિય મિત્રોમાં,
બસ આટલી સંપત્તિથી
શ્રીમંતાઈને પોષતો રહયો છું.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

**NG NO : 0068**
વિભાગ - કરંટ ટોપિક
શીર્ષક - "રક્ષાબંધન પવિત્ર પર્વ"

રક્ષાબંધન એ ભાઈ બહેનના સંબંધનો પવિત્ર અને રેશમના દોરા જેવો પાક્કો તહેવાર છે.જ્યારે બહેન સાસરિયે હોય છે ત્યારે તે ભાઈની વાટ જુએ છે. ભાઈ ક્યારે આવશે? તેની આરતી કરવી છે, તેના પુખણા લેવા છે ને મીઠું મોઢું કરાવવું છે.. આવા જ વિચારો સતત બહેન કરતી હોય છે. જેમ એક બહેન ભાઈની વાટ જુએ છે એમ આપણા દેશના સૈનિકો, આર્મિવાળા પોતાની બહેનની વાટ જોતા હોય છે ત્યારે તેમને કોઈ પણ બહેન રાખડી બાંધતી જ હોય છે. આપણા દેશનું તેઓ રક્ષણ કરે છે તો તે આપણા સર્વેના ભાઈ જ કહેવાય.રક્ષાબંધનનો અર્થ જ એવો છે કે જે કંઈ પણ રક્ષા કરે એવું બંધન. રક્ષા દ્વારા બંધાતું જોડાણ એટલે રક્ષાબંધન!!

"ભાઈ બહેનનો સંબંધ એવો ખાસ હોય છે,
જે ખૂનના સંબંધનો નહિ;
પ્રેમ અને લાગણીનો મોહતાજ હોય છે!!"

એક ભાઈ પોતાની બહેનને કંઇ તકલીફ ન થાય તે માટે તે ખુદ એક માં પણ બની શકે છે અને બાપ પણ બની શકે છે.દરેક ભાઈમાં એક બીજી માં છુપાયેલી જ હોય છે! એટલે જ કહેવાયું છે કે " છ મરીિછર્હરીિસ્રીિ".

દરેક બહેનની એક જ ઈચ્છા હશે કે ,
"ભાઈ તમને દરેક ખુશી મળે,
ભાઈ તમને લાંબુ આયુ મળે,
દરેક બહેનને નથી હોતા ભાઈ,
મને દરેક જનમમાં ભાઈ મળે".

નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ"
- માંડવી કચ્છ

----------------------------------------

**NG 0052**
કરંટ ટોપિક : "કોરોના હારશે કે નહી હારે ?"

પણ હા , માનવી જરુર હારશે.
"કોરોના હારશે કે નહી હારે ?"
પણ હા , માનવી જરુર હારશે.

આ કોરાના સહુના મનમાં એક ખોફ ઊભો કરવામાં ચોક્કસ સફળ સાબિત થયો છે.આ માનવસર્જીત વાયરસની તાકાત તો જુઓ કે તેને સર્જન કરનાર માનવી સામે જ તે બાંયો ચઢાવી મેદાને પડ્યો છે.

આમ જોવા જઈએ તો આ વાયરસ અને હાલનાં માનવીમાં ઘણી સામ્યતા એકંદરે હું જોઈ રહ્યો છું.

માનવી કયા કદી સખણો રહે છે ,તેને ચુગલી કરવાની ટેવ પડી ગઈ છે ,જેમ આજ આ વાયરસને પડી છે.

બીજી એક મહત્વની વાત કે "માનવીથી કોઈ દિવસ , સામેવાળાની શાંતિ , ખુશી જોવાતી નથી ,તે કાયમ ઈર્ષા જ કરતો રહે છે ,વાયરસનુ પણ કામ કાંઈ આવુ જ તો છે.

આખરે છે તો તે પણ માનવસર્જીત જ ને ? તો પછી તે પણ કોઈને શાંતિથી થોડો જીવવા દેતો હશે.

હાલની પરિસ્થિતિ જે છે તે જોતાં વાયરસ સામે માનવી વામણો જ પૂરવાર થઈ રહ્યો છે,તે રોજ નવાં નવાં ટાર્ગેટ સેટ કરી તેનો મનસૂબો પાર પાડવામાં સફળ રહ્યો છે.જોવા જઈએ

તો આ વાયરસની પ્રકૃતિનો જ એક ભાગ છે ,તેની નજરમાં કોઈ નાનું , મોટું , અમીર , ગરીબ નથી , ન તો તેને કોઈ જાત પાત નડતી ,જે પણ તેનાં સંપર્કમાં આવે છે તેને તે આડે હાથ લેતો જ જાય છે.

એક અગત્યની વાત વિશ્વ આખું નવી ટેક્નોલોજીનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરતુ થયુ છે ,જેનાં કારણે વિશ્વ આજ અધોગતિ અને વિનાશ તરફ ડગ માંડી રહ્યુ છે.તેવાં તો કેટલાંય ઉદાહરણ મળી રહેશે.ખાલી તમે "પરમાણું બોમ્બ" વિષે જ વિચારી લ્યો ,તેની કલ્પના કરવી તો શું પણ તેનો વિચાર કરતા જ કંપારી છૂટી ઉઠે.

વિરોધ અહીં તે વાતનો છે કે ,હાલ વિશ્વમાં દરેક દેશ પોતે શક્તિશાળી બનવા માટે અવનવી ટેક્નોલોજી , હથિયારો વિકસાવી રહ્યો છે.તદ્ ઉપરાંત દુશ્મન દેશોને હરાવવા તેમજ બીજાં દેશોને પછળાટ આપવા ,જે ઈરાદા સામે કામે લાગ્યો છે , જે સદંતર ખોટું થઈ રહ્યુ છે.આવુ કરીને ક્યાક આપડે નવી ઉપાધિ હાથે કરીને વહોરી રહ્યા હોય તેવું તમને નથી લાગતું?

નવી ટેક્નોલોજી તેમજ કાંઈ નવું સર્જન કરવાની હોડમાં ચીન માટે અહીં પેલી કહેવત સાચી ઠરે છે.
" જે ખાડો ખોદે તે જ તેમાં પડે"
અરે !! આ નવું સંશોધન કરવાની ઘેલછામાં માનવી આજે જીવતો જાગતો "કોરોના બોમ્બ" બનાવી બેઠો છે કે જેનો ઈલાજ શોધવા હાલ આખું વિશ્વ મથામણ કરી રહ્યુ છે ,જયા સુધી આ વાયરસને અટકાવવાનો કોઈ ઉપાય કે ઇલાજ મળશે નહી ત્યાં સુધી ન જાને કેટલી જન સંખ્યા મોતને ઘાટ ઉતરી ચૂકી હશે ?તે તો આગળ આવનારો સમય જ જાણે ?

----------------------------------------

(આપણે કુદરત દ્વારા જ ઘડાયેલા માનવીઓ છે ,તેનાં દ્વારા આપણો રંગ,રુપ, ઘાટ સર્જાયો છે ,તેની જ બનાવેલી સૃષ્ટિમાં આપણે હવે દખલ કરતા થયા છે.તમને નથી લાગી રહ્યુ કે હાલનો માનવી સર્જનહારની સામે જ બાંયો ચઢાવી બેઠો છે ?)

વાત જરા અઘરી છે પણ સમજવી જરુરી છે.

સંજય તરબદા "સાંજ"....વડોદરા

----------------------------------------

**NG : 39**
શબ્દ : શ્રાવણ
પ્રકાર : પદ્ય - અછાંદસ

શ્રાવણ
શ્રાવણ મેઘ ભીંજવે નહીં, સરવડા વરસીને વહી જાય,
વણ ભીંજાયેલ જોબનીયું, તડપે દિવસ અને રાત,
એક આંખે શ્રાવણ ને બીજીએ ભાદરવો અનરાધાર,
ક્યારેક છાંટા, ક્યારેક ઉઘાડ એવા શ્રાવણ રૂપરંગ તારા,
શ્રાવણ તારા સરવડા, ના ભીંજવે ના રાખે કોરા,
વાદળ આવે પણ વરસે નહીં, એવા તારા ચાળા,
સાળું પહેર્યું આછું આછેરું, અંગ અંગ ભીંજાય,
કાચા રંગનું પોલકું,એના રંગે જોબનીયું રેલાય,
વરસે શ્રાવણે સરવડા, નદીઓ છલોછલ છલકાય,
ચારેકોર, સર્વત્ર વનરાજી, લીલી છમ લહેરાય,
પ્રણય, ભક્તિ ને તહેવારોની ખુશીઓ લઈને આવે,
દાન, કરમ ને ધરમ ધ્યાનથી સૌના હૈયા ભીંજવે.

પ્રફુલ્લા"પ્રસન્ના"અમદાવાદ

----------------------------------------

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક) (M-9824653073)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા
સંપર્ક : Email : prdpraval42@gmail.com

----------------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

# એક સફરજન,એક ઘોડો

એક રાજા હતો
એણે એક સર્વે કરવાનો
વિચાર આવ્યો કે મારા રાજ્યમાં ઘરસંસાર માં પતિનું ચાલે છે કે પત્નીનું ?
એ માટે એણે ઇનામ રાખ્યુ અને રાજ્ય માં જાહેરાત કરી કે જે ઘરમાં પતિનું ચાલતું હોય એમને ગમતો ઘોડો ઇનામ માં આપશે અને જેને ત્યાં પત્ની ની સરકાર હોય એમને સફરજન મળશે...
એક પછી એક બધા નગરજનો
સફરજન ઉઠાવવા માંડ્યાં. રાજાને તો ચિંતા થઈ કે શું મારા રાજ્યમાં બધા સફરજન જ છે ??
એવામાં એક મોટી મુછો, લાલઘુમ આંખો અને પાંચ હાથ પુરો જુવાન આવ્યો
અને બોલ્યો..... રાજાજી , મારા ઘરમાં હું કહુ એમ જ થાય..
લાવો ઘોડો....??
રાજા તો ખુશ ખુશ થઈ ગયા.. અને કહ્યુ
જા જવાન, મનગમતો ઘોડો લઇ લે..
જવાન તો કાળો ઘોડો લઇને થયો રવાના..
ઘરે પહોંચ્યો અને થોડીવાર થઇ ત્યાં તો દરબાર માં પાછો આવ્યો....
રાજા : કેમ જવામર્દ ,
પાછો કેમ આવ્યો ??
જવાન : મહારાજ,
ઘરવાળી કહે છે કે...
કાળો રંગ તો અપશુકનિયાળ કહેવાય. સફેદ રંગ શાંતિ અને પ્રગતિ નો છે તો સફેદ ઘોડો આપો...
રાજાઃ ઘોડો મુક ??
અને સફરજન લઇ ને હાલતી પકડ...
એમ જ રાત પડી. દરબાર વીખરાઇ ગયો..
અડધી રાતે મહામંત્રી એ દરવાજો ખખડાવ્યા
રાજા : બોલો મહામંત્રી..
શું કામ પડ્યુ ?
મહામંત્રીઃ મહારાજ ,
તમે સફરજન અને ઘોડો
ઇનામ તરીકે રાખ્યા એના કરતાં એક મણ અનાજ અને સોનામહોર રાખ્યા હોત તો ખાવામાં કે ઘરના ને ઘરેણાં કરવા કામ તો આવત..
રાજાઃ મારે તો ઇનામ એ જ રાખવુ હતું
પણ....
મહારાણી એ સુચન કર્યું
અને મને પણ લાગ્યું કે
આ ઇનામ જ વ્યાજબી છે એટલે...
મહામંત્રીઃ મહારાજ,
તમારા માટે સફરજન
સુધારી આપુ...?
રાજા મરક મરક હસ્યા અને પુછ્યુ..
મહામંત્રી આ સવાલ તો
તમે દરબાર માં
આજે અથવા સવારે પણ
પુછી શકતા હતા..
તો અત્યારે આવવાનુ કારણ ??
મહામંત્રીઃ એ તો મારા ગ?હલક્ષ્મી એ કીધું કે
જાવ અત્યારે જ પુછતા
આવો એટલે સાચી
ખબર પડે....
રાજા (વાત કાપી ને) : મહામંત્રી જી , સફરજન તમે હાથે લેશો કે હુ ઘરે મોકલી આપું
મોરલઃ સમાજ ભલે પુરુષ પ્રધાન હોય પણ સંસાર તો સ્ત્રી પ્રધાન હતો,
છે અને રહેશે....
તા.ક. (ખાસ નોંધ)
હું આ પોસ્ટ ઘણાસમયથી મુકવાનું વિચારતો હતો પણ પત્નિએ છેક આજે મંજૂરી આપી એટલે મુકી શક્યો....!
અત્યારે બંદા બેઠા બેઠા સફરજન ખાય છે.

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં થાક ખાતી તેજી: સોનું રૂ.૧૫૫ અને ચાંદી રૂ.૧,૯૦૬ ઘટ્યા

મુંબઈ
વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૫૭૫૮૮૯ સોદામાં રૂ.૩૪૭૮૩.૩૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના વાયદાના ભાવમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજી થાક ખાતી હોય તેમ બંને ઘટી આવ્યા હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧,૯૦૬ ઘટ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ વાયદાના ભાવમાં હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ ઘટવા સામે નેચરલ ગેસ સુધર્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, એલચીમાં વૃદ્ધિ સામે સીપીઓ અને મેન્થા તેલમાં નરમાઈનો માહોલ હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૫૦૨૬૫૬ સોદાઓમાં રૂ. ૨૯૯૨૫.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૧૮૬ ખૂલી, ઊપરમાં રૂ. ૫૨૪૩૫ અને નીચામાં રૂ. ૫૧૨૭૭ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૫ ઘટીને રૂ. ૫૧૯૪૬ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૮ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૪૧૯૪૦ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૦ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૫૨૬૧ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૧ ઘટીને બંધમાં રૂ. ૫૨૦૦૬ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૬૦૪૭ ખૂલી, ઊપરમાં રૂ. ૬૭૫૬૦ અને નીચામાં રૂ. ૬૧૫૯૭ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૯૦૬ ઘટીને રૂ. ૬૩૬૨૨ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૧૮૭૬ ઘટીને રૂ. ૬૩૭૧૨ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૧૯૦૦ ઘટીને રૂ. ૬૩૬૯૯ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૦૬૩૨ સોદાઓમાં રૂ. ૧૮૭૫.૮૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૧૧૬ ખૂલી, ઊપરમાં રૂ. ૩૧૨૫ અને નીચામાં રૂ. ૩૦૯૨ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬ ઘટીને રૂ. ૩૧૧૧ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૧૪૩ સોદાઓમાં કુલ રૂ. ૩૦૭.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૯૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૦૪૦ અને નીચામાં રૂ. ૧૫૮૦૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૦ વધીને રૂ. ૧૬૦૨૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૩૪ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫.૯ ઘટીને બંધમાં રૂ. ૭૩૪.૫ ના ભાવ હતા, જ્યારે એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ. ૧૫૪૬.૯ ખૂલી, અંતે રૂ. ૩૬ વધીને રૂ. ૧૫૪૭ થયો હતો. મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૨૦ અને નીચામાં રૂ. ૯૨૦ રહી, અંતે રૂ. ૯૨૦ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૬૬.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૬૯.૫ અને નીચામાં રૂ. ૯૬૪.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩.૦૦ વધીને રૂ. ૯૬૬.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૫૮૯૪૯ સોદાઓમાં કુલ રૂ. ૯૫૮૨.૭૨ કરોડ ની કીમતનાં ૧૮૪૨૬.૪૦૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૪૪૩૭૦૭ સોદાઓમાં કુલ રૂ. ૨૦૩૪૩.૧૩ કરોડ ની કીમતનાં ૩૧૪૪.૫૫૧ ટન, ક્રૂડ તેલમાં ૨૪૭૮૫ સોદાઓમાં રૂ. ૧૧૬૦.૭૯ કરોડનાં ૩૭૩૨૮૦૦ બેરલ્સ, કોટનમાં ૨૭૬ સોદાઓમાં રૂ. ૨૦.૩૬ કરોડનાં ૧૨૭૦૦ ગાંસડી, સીપીઓમાં ૨૭૮૨ સોદાઓમાં રૂ. ૨૭૯.૩૯ કરોડનાં ૩૯૩૭૦ ટન, એલચીમાં ૨ સોદાઓમાં રૂ. ૩.૦૯ લાખનાં ૦.૨ ટન, મેન્થા તેલમાં ૭૩ સોદાઓમાં રૂ. ૭.૬૩ કરોડનાં ૮૨.૦૮ ટન, કપાસમાં ૧૦ સોદાઓમાં રૂ. ૧૯.૩૩ લાખનાં ૪૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૦૭૦૨.૨૮૪ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૯૦.૫૧૩ ટન, ક્રૂડ તેલમાં ૪૯૯૮ બેરલ્સ, કોટનમાં ૮૫૦૭૫ ગાંસડી, સીપીઓમાં ૮૩૬૮૦ ટન, એલચીમાં ૦.૩ ટન, મેન્થા તેલમાં ૧૨૮.૫૨ ટન અને કપાસમાં ૬૪૦ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૨૫.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૭૦ અને નીચામાં રૂ. ૧૬૨૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૩૬.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૧૭ અને નીચામાં રૂ. ૮૭૩.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૩૧ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૬૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૬૬૫૦ અને નીચામાં રૂ. ૩૦૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૭૫૨.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૪૧૩ અને નીચામાં રૂ. ૮૬૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૦૨.૫ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૩૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪.૫૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪.૫૫ અને નીચામાં રૂ. ૪.૫૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪.૫૫ બંધ રહ્યો હતો.ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૧૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૪૯.૪ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૫ અને નીચામાં રૂ. ૧૪૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૧.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૯૭.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૩ અને નીચામાં રૂ. ૯૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૦.૪ બંધ રહ્યો હતો.

# શિહોરી ગામની સીમમાંથી જુગાર રમતા સાત ઈસમો ને ગણનાપાત્ર કેસ શોધી કાઢતી શીહોરી પોલીસ

શ્રી પોલીસ મહાનિરિક્ષક શ્રી સુભાષ ત્રીવેદી સાહેબ બોર્ડર રેન્જ ભુજ તથા પોલીસ અધિક્ષક શ્રી તરૂણ દુગ્ગલ સાહેબ બનાસકાંઠા,પાલનપુર નાઓ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી પી.એચ.ચૌધરી સાહેબ તથા સર્કલ પો.ઈન્સ. કે.એસ.ચૌધરી સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પ્રોહી/જુગારની પ્રવૃતીઓ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના હોઇ જે અનુસંધાને એસ.વી.આહિર પો.સબ.ઈન્સ શિહોરી નાઓ તથા અ.હેડ.કોન્સ. નરોતમભાઇ પસાભાઇ બ.નં.૧૬૯૧ તથા અ.હેડ.કોન્સ પ્રહલાદસિંહ જેમાજી બ.નં.૮૬૮ તથા અ.હેડ.કોન્સ રણજીતસિહ ભુપતસિહ બનં ૧૨૯૪ તથા અ.પો.કોન્સ.શૈલેષકુમાર ગણપતભાઇ બ.નં.૮૧૪ તથા પો.કોન્સ.રમેશભાઇ રૂપાભાઇ બ.ન.૬૩૮ તથા અ.પો.કોન્સ સેવંતિભાઇ માવજીભાઇ બ.નં.૮૭૭ તથા પો.કો દેવાજી મોઘાજી બ.નં.૧૮૮૦ નાઓ શિહોરી પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહી/ જુગાર લગત નાઈટ પેટ્રોલીગમાં હતા. દરમ્યાન ફરતા ફરતા શિહોરી ગામના ગાયમાતા ના મંદિરે પાસે આવતા આપ સા.ને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે શિહોરી ગામની સીમમાં રહેતા રણુભા બનેસિહ ડાભી ના પડતર ખુલ્લા ખેતરમા બેટરી ના લાઇટના અંજવાળે કેટલાક ઇસમો પોતાના અંગત સ્વાર્થ માટે ભેગા થઇ ગંજીપાના વડે પૈસાથી હાર જીતનો જુગાર રમી રમાડે છે. જે હકીકત આધારે સદરે જગ્યાએ જુગારની પંચો સાથે રેઇડ કરતા કેટલાક ઇસમો ભેગા થઇ ગંજીપાના વડે પૈસાથી હાર જીતનો જુગાર રમી રમતા હોઇ જેઓ અમો પોલીસેને જોઇ નાશવા જતા (૧) દુદુભા કિંતુભા જાતે.ડાભી (૨) જલુભા ધનુભા જાતે.ડાભી (૩) વસંતભા દિનુભા જાતે.ડાભી (૪) ભરતસિહ લાલસિહ જાતે.ડાભી (૫) શ્રવણસિહ હરીસિહ જાતે.ડાભી (૬) મહિપતસિહ વિજુભા જાતે ડાભી (૭) કંચુભા વિનુભા જાતે.ડાભી રહે તમામ શિહોરી વજાણીપાટી તા કાકરેજ વાળાઓને પકડી પાડેલ તેમજ પકડાયેલ ઈસમોને નાશી ગયેલ ઈસમો બબાતે પુછતા (૧) ચકુભા વિષ્નુભા જાતે ડાભી (૨) રણધીરસિહ રાયભણસિહ જાતે ડાભી (૩) રણુભા બનેસિહ જાતે ડાભી તમામ રહે. શિહોરી,વજાણીપાટી તા.કાકરેજ વાળાઓ હોવાનુ જણાવતા હોઇ સદરે ઈસમો અંધારાનો લાભ લઈ આજુબાજુ ખેતરોમાં નાશી ગયેલ તેમજ પકડાયેલ ઈસમોની અંગઝડતીમાંથી તેમજ દાવના પટ ઉપરથી ગંજી પાના નંગ-૫૨ તથા રોકડ રકમ રૂ.૧૩૬૦૦/- તથા મોબાઈલ નંગ-૦૮ જેની કિ.રૂ.૧૪૪૦૦/- તથા સીલ્વર કલરનુ હિરો કંપની નુ મો.સા. જી.જે-૦૮-બીસી-૩૦૩૨ જેની કિ.રૂ.૨૦૦૦૦/ એમ કુલ મુદ્દામાલ કિમત રૂપિયા ૪૮૦૦૦/ ના સાથે ગે.કા.રીતે જાહેરમાં ગંજી પાના વડે હાર જીતનો જુગાર રમી રમાડતાં પકડાઇ ગયેલ હોઇ તો તમામ ઈસમો વિરૂધ્?ધ શિહોરી પો.સ?ટે ઇ.પી.કો કલમ ૧૮૮,૨૬૯ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ હેઠળની કલમ ૫૧(બી) તથા જુગાર ધારા કલમ ૧૨ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે..

# સિદ્ધપુરમાં કોરોના મહામારી સામે લડવા બપોર બાદ વેપાર-ધંધા સ્વયંભૂ જડબેસલાક બંધ



ધૃવ દવે સિદ્ધપુર
સિદ્ધપુર શહેરમાં આગામી ૧૫ મી ઓગષ્ટ સુધી બપોરે બે વાગ્યા બાદ તમામ વેપારીઓએ તેમના ધંધા-રોજગાર સ્વયંભૂ બંધ રાખી કોરોના મહામારી સામેની લડાઈમાં સહકાર આપવા સિદ્ધપુર નગર પાલિકા દ્વારા જાહેર અપિલ કરવામાં આવી હતી.આ અપિલને લઈ સિદ્ધપુરનાં વેપારીભાઈ ઓએ પોતાના ધંધા-રોજગાર બપોર બાદ જડબેસલાક રીતે સ્વયંભૂ બંધ રાખવાનો આવકારદાયી નિર્ણય લીધો છે. કોરોના વાયરસની મહામારી સામે લડવા માટે સરકાર,વહીવટીતંત્ર સહિત નગરપાલિકાતંત્ર શક્ય તમામ પ્રયાસો કરી રહ્યું છે. આ ઉપરાંત કોરોના વોરિયર્સ જેવા કે ડોક્ટર્સ, મેડીકલ સ્ટાફ,પોલીસ કર્મીઓ,સફાઈકર્મીઓ,

વિવિધ સામાજિક - રાજકીય આગેવાનો, પ્રિન્ટ/ ઈલેક્ટ્રિક મીડિયાના પત્રકારો પોતાના જીવના જોખમે કોરોના વાયરસ સામે ઝઝુમીને કાર્ય કરી રહ્યા છે.ત્યારે બીજી તરફ સામાન્ય નાગરિકોમાં કોરોના વાયસરનાં રોગની ગંભીરતાના અભાવે તેમજ સરકારી ગાઈડલાઈનનો ચુસ્ત અમલ કરવામાં રખાતી લાપરવાહીના લીધે દિન પ્રતિદિન કોરોના કેસોમાં વધારો થઈ રહ્યો છે.આ મહામારીથી બચવા કોઈ દવા કે રસી શોધાઈ નથી ત્યારે તેનાથી બચવા નો એકમાત્ર ઉપાય લોકડાઉન જ છે જે આપણે સૌએ ભૂતકાળમાં સારી રીતે અનુભવ્યુ છે. આથી આગામી ૧૫/૦૮/ ૨૦૨૦ (સ્વતંત્રપર્વ દિન) સુધી બપોરે ૨ વાગ્યા બાદ શહેરના મુખ્ય બજારો, હાઈવે વિસ્તાર સહીત, લારી-ગલ્લા,રિક્ષાઓ, હોટલ-રેસ્ટોરન્ટો, શાકભાજીની દુકાનો, ફરસાણ-નાસ્તાની દુકાનો ચા ની કીટલીઓ,પાન-મસાલાના ગલ્લાઓ જેવા તમામ નાના-મોટા ધંધા-રોજગાર કરતાં વેપારી ઓએ સ્વયંભૂ બંધ પાળવાની નગરપાલિકાએ અપિલ કરી હતી.આ અપિકને શહેરનાં તમામ વેપારીઓએ રાષ્ટ્રહિતાર્થે શિરોમાન્ય રાખી તેમના ધંધા-રોજગાર સ્વયંભૂ બંધ રાખવાના નિર્ણય ને સંમતિ આપી હતી.ત્યારે બીજી તરફ ૧૫ મી ઓગષ્ટ સુધીનાં આ સ્વયંભૂ બંધનાં સમય દરમિયાન શહેરી જનો પણ કામવગર ઘરની બહાર નિકળવાનુ ટાળી તેમજ ઘર-શેરી-મહોલ્લા કે સોસાયટી બહાર ભેગા થવાને બદલે ઘરમાં જ પરિવાર સાથે રહે તે પણ અંત્યત જરુરી છે. આ સ્વયંભૂ બંધ દરમિયાન મેડીકલ દવાની એકાદ બે દુકાન ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે.

# ચાણસ્માના રણાસણ ગામે ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે બે કોરોના પોઝીટીવ કેસ આવતાં આરોગ્ય તંત્ર હરકત માં આવ્યું હતું તેમજ તાત્કાલીક ધોરણે ગામની અંદર સર્વે હાથ ધરવામાં આવ્યું હતું પ્રાપ્ત થતી વિગતો મુજબ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે બે કોરોના પોઝીટીવ



રિપોર્ટ આવતાં પલાસર પી.એચ.સી. તેમજ ચવેલી મેડીકલ ઓફિસર ડો.ધીરેન ઠાકોર આરોગ્ય કાર્યકર અતુલભાઈ તેમજ આશાવર્કર રેખાબેન જોષી, જ્યોત્સનાબેન પટેલ દ્વારા ઘરે-ઘરે સર્વે કરી ઉકાળા નું વિતરણ કરવામાં આવ્યું હતું ત્યારે આરોગ્ય વિભાગ ની સરાહનીય કામગીરી જોવા મળી હતી અહેવાલ- નિખીલ જોષી ચાણસ્મા

### પ્રદેશ ભાજપના નવનિયુક્ત પ્રમુખ

# સી.આર.પટેલને વિજયનગર સહિત વિધાનસભા વિસ્તારના કાર્યકરોએ શુભેચ્છાઓ પાઠવી






મોટી ઈસરોલ, તા.૨૮

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત પ્રમુખ અને સાંસદ સી.આર.પાટીલને વિજયનગર સહિત વિધાનસભા વિસ્તારના ભાજપના કાર્યકરો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી

આ કાર્યકરોએ તાજેતરમાં જ ચૂંટાયેલા આ જિલ્લાના અને વિજયનગર તાલુકાના વતની રાજ્ય સભાના સભ્ય રમીલાબેન બારા સાથે ગાંધીનગર ભાજપના કાર્યાલય કમલમ ખાતે જઈને બ્રહ્માજીની છબી શુભેચ્છા રૂપે ભેટ આપી હતી અને આ કાર્યકરોએ પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી.આ મુલાકાતીઓમાં રમીલાબેન બારા સાથે વિજયનગર તાલુકા ભાજપના પ્રમુખ મયુરભાઈ શાહ,મહામંત્રી માવજીભાઈ ડામોર,,મહામંત્રી જયંતીભાઈ પટેલ સહિત ઉપરાંત પોશીના અને ખેડબ્રહ્મા તાલુકા શહેરના ભાજપના સંગઠનના પ્રમુખ-મહામંત્રીઓ સહિતના

કાર્યકર્તાઓ પણ જોડાયા હતા અને પ્રદેશ પ્રમુખ સી.આર..પાટીલ ને ગાંધીનગર કમલમમાં જઈને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.ને પ્રદેશ પ્રમુખ સી.આર..પાટીલને શુભેચ્છા પ્રતીક રૂપે બ્રહ્માજીની છબી આપી હતી.

### રાજસ્થાન પોલિટિક્સ કરંટ....!!

# રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશતા વાહનચાલકોને રાજસ્થાની પોલીસે અટકાવ્યા, રતનપુર બોર્ડર સીલ કરાઈ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

રાજસ્થાનના રાજકિય સંગ્રામ ચરમસીમાએ પહોંચ્યો છે રાજસ્થાનના રાજકારણમાં દરરોજ નવા રંગ જોવા મળી રહ્યા છે. પહેલા સચિન પાયલટનો બળવો, ત્યારબાદ એકબીજા પર આક્ષેપ પ્રત્યાક્ષેપ, ઓડિયો કાંડ અને હવે અશોક ગહેલોતે પોતાની પાસે બહુમતિ હોવાનો દાવો કર્યો છે. રાજસ્થાનના મુખ્યમંત્રી શોક ગહેલોત શનિવારે સાંજે રાજભવન જઈને રાજ્યપાલને મળ્યા હતા. મુખ્યમંત્રી અશોક ગહેલોતના સમર્થક ધારાસભ્યોએ સત્ર બોલાવવાની માંગને લઈને રાજભવનમાં ધરણાં શરૂ કરી દીધાં છે ત્યારે એકાએક રાજસ્થાન રાજયની ગુજરાતને જોડતી આંતરરાજ્ય સરહદો સીલ કરી દેવાંમાં આવતા વાહનચાલકો અટવાઈ પડતા વાહનચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે શામળાજી રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનચાલકોને અટકાવી દેવામાં આવ્યા છે અને તમામ ખાનગી વાહન ચાલકો પાસેથી પાસ માંગવામાં આવતા વાહન ચાલકો અટવાઈ પડ્યા છે આંતરરાજ્ય સરહદ બંધ કરવા પાછળ હાલ



રાજસ્થાનમાં ચાલતો રાજકીય ડ્રામા જવાબદાર હોવાનુ વાહન ચાલકો માની રહ્યા છે . સોમવારે સાંજે રાજસ્થાન સરકારે રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશતા ખાનગી વાહનચાલકો અટકાવી પાસ હોય તો જ રાજસ્થાન બહાર જવા મળશે ના આદેશ પગલે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે બીજી બાજુ ગુજરાતમાંથી રાજસ્થાન જવા માંગતા વાહનચાલકોને રાજસ્થાનમાં પ્રવેશવા દેતા હોવાથી રાજસ્થાન સરકારની કામગીરી સામે અનેક સવાલ પેદા થઈ રહ્યા છે . રાજસ્થાનમાં ફરવા કે કામકાજ અર્થે ગયેલા ગુજરાતીઓ હાલ તો રાજસ્થાન પ્રશસાન તંત્રએ લીધેલા અચાનક નીર્ણય થી આચંકો અનુભવ્યો છે રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશતા અટકાવતા રતનપુર ચેકપોસ્ટ નજીક વાહનોનો ખડકલો થઈ ગયો છે વાહનચાલકો જણાવ્યા અનુસાર તેમની પાસેથી રાજસ્થાન પોલીસ પાસ માંગી રહી છે ત્યારે હાલ ક્યાં જઈએ અને ક્યાંથી પાસ લઈ તે જ ખબર પડતી ન હોવાનું જણાવી આક્રોશ વ્યક્ત કરવા સિવાય કોઈ છૂટકારો ન હોવાનું જણાવી રહ્યા છે.


# માણાવદર ના પંજુરી હનુમાન મંદિરે ખાતે બિરાજતા ધર્મે યોગેશ્વર મહાદેવને રુદ્રઅભિષેક કરાયો



આજે શ્રાવણ માસ ના પ્રથમ સોમવારે માણાવદર તાલુકા ના સુપ્રસિદ્ધ પંજુરી હનુમાન મંદિર ખાતે બિરાજતા શ્રી ધર્મે યોગેશ્વર મહાદેવ ને રુદ્ર અભિષેક અને જલાભિષેક કરવામાં આવ્યો હતો. આજે શિવાલયો મા ભગવાન ભોળા નાથ નો નાદ ગુંજી ઉઠયો છે. ભક્ત જનો ઉપર દેવાધી દેવ મહાદેવ કાયમ માટે કૃપા વરસાવે તેવા આ ભોળા નાથ ને કોટી કોટી વંદન માણાવદર તાલુકા ના વિવિધ મંદિરો મા ભકતજનો ની ભીડ જામી હતી. તેમજ ભક્ત જનો માટે દર્શન ની અગામી વ્યવસ્થા કરવામાં આવી હતી. કોરોના ના સંક્રમણ કાળ મા સામાજિક અંતર જળવાય રહે તે બાબતે ચોક્કસ વ્યવસ્થા કરવામાં આવી હતી. ભક્ત જનો એ આરોગ્ય વિભાગ ની ગાઈડલાઈન અનુસાર નિર્ધારીત સમયે અને માર્ગરેખા મુજબ લાભ લીધો હતો. પંજુરી હનુમાન મંદિર ના મંહત શ્રી કિશનદાસબાપુ એ મહાદેવ ને જલાભિષેક કર્યો હતો. તેમજ માણાવદર ના જાણીતા લોકસેવક અને ગુજરાત રાજય હેન્ડ લૂમ બોર્ડ ના માનદ્ મંત્રી શ્રી જેઠાભાઈ પાનેરા તેમજ તેમના સહપરિવાર એ પંજુરી હનુમાન મંદિર મહાદેવ ને રુદ્ર અભિષેક કર્યો હતો.

રીપોર્ટર- જીજ્ઞેશ પટેલ માણાવદર

# દાહોદમાં સામાજિક અંતરના નિયમોના ભંગ બદલ મોબાઈલ શોપ સીલ




અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ નગર પાલિકા અને ટાઉન પોલીસની સંયુક્ત ટીમે આજે પણ નગરમાં ચેકિંગની કાર્યવાહી શરૂ રાખવામાં આવી હતી. એ દરમિયાન અહીંના માણેક ચોકમાં આવેલી એક મોબાઈલ શોપને અલીગઢી તાળા મારી દેવામાં આવ્યા હતા. આ ચેકિંગ દરમિયાન રોયલ મોબાઈલ શોપમાં તપાસ કરતાં ત્યાં કોઈપણ પ્રકારના સામાજિક અંતરના નિયમોનું પાલન થતું જોવા મળ્યું નહોતું. ગ્રાહકોની ભીડ જોવા મળી હતી.ભીડ ના નિયંત્રિત કરવા માટે કોઈ પ્રકારની વ્યવસ્થા પણ નહોતી. આ બાબતે ધ્યાને લઈને આ દુકાનને સીલ મારી દેવામાં આવ્યું છે.

### એન્જિનિયરની હાજરીમાં ઉડી રહ્યા છે કેન્દ્રની ગાઈડ લાઈનના ધજાગરા


# ધાનેરા ખાતે નવીન બની રહેલા ઓવર બ્રિજ માં સેફટી વગર અને માસ્ક વગર કામ કરતા મજૂરો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત



ધાનેરા માં હાઈવે પર બની રહેલો ઓવરબ્રિજ ગોકળગાય ની ગતિ આગળ વધી રહ્યો છે પુલ ના નિર્માણ માં કામ કરતા મજૂરો ને કોઈ સેફટી સાધનો આપેલા નથી ૨૦ ફૂટ કરતા ઉંચી હાઈટ પર કામ મજૂરો જીવ ના જોખમે કરી રહ્યા છે કોરોના જેવી મહામારી ને લઈ માસ્ક માટે કડક નિયમો અમલ માં હોવા છતાં એન્જિનિયર ની હાજરી માં વગર માસ્કે મજૂરો ઉપર નીચે કામ કરી રહ્યા છે એક નવા સંક્રમણ ને આમંત્રણ આપે એમ છે સામાન્ય પ્રજા સાથે માસ્ક બાબતે કડક બનતું તંત્ર આ કોંટકટર સાથે કેમ નરમાઈ રાખતા લોકો માં તર્કવિતર્ક ઉઠવા પામ્યા છે સાથોસાથ સવાલ પણ ઉભા થઇ રહ્યા છે ૨૦ ફૂટ ની હાઈટ પર કામ કરતા મજૂરો જોડે કોઈ દુઘટના બનશે તો જવાબદારી કોણ લેશે ? કોંટકટર કેમ મજૂરો ની સેફટી બાબતે બેજવાબદાર બની રહ્યા છે ? સુ ઓવરબ્રિજ માં કામ કરતા મજૂરો ના જીવન ની કોઈ કિંમત નથી ? કેન્દ્ર સરકાર ની માસ્ક બાબતે ગાઈટલાઈન છે છતાં બેદરકાર કેમ ? સુ મજૂરો ને માસ્ક વગર કોરોના સંક્રમણ નો ખતરો નથી ? વગર માસ્ક અને સેફટી વગર કામ કરાવતા કોંટકટર સામે પગલાં લેવામાં કેમ તંત્ર ખચકાય રહ્યું છે ? જાહેર રસ્તા પર માસ્ક અને સેફટી વગર કામ થતું હોવા છતાં તાલુકા ના ઉચ્ચ અધિકારીઓ કેમ બની રહ્યા છે ? મૌન જે હોય તે પણ હાલ તો મજૂરો માટે સેફટી અને માસ્ક સાથે કામ કરાવવું તંત્ર એલેટ બને એ જરૂરી બન્યું છે

# જીસીએમએમએફ આણંદના ચેરમેનનું શામળાજી ખાતે શાલ ઓઢાડી મંદિરમાં રણવીરસિંહ ડાભીએ કર્યું સન્માન



મોટી ઈસરોલ, ત.૨૮

GCMMF ના ચેરમેન તરીકે બિન હરીફ સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ નું શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટના વા. ચેરમેન અને જિલ્લા ભાજપના પ્રમુખ રણવિરસિંહ ડાભીએ કર્યું શાલ ઓઢાડી સન્માન.

શામળભાઈ ગુજરાત સ્ટેટ કો.ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન,આણંદ, અમૂલના પ્રતિષ્ઠા ભર્યા ચેરમેન પદ ઉપર ચૂંટાઈ આવ્યા પછી પ્રથમવાર શામળાજી વિષ્ણુ મંદિરે દર્શને આવતા તેમનું વિષ્ણુ મંદિર ટ્રસ્ટ વતીવાઈસ ચેરમેન રણવીરસિંહ ડાભીએ શાલ ઓઢાડીને અને માળા પહેરાવી સન્માન કર્યું હતું અને શુભેચ્છાઓ પાઠવી હતી

### દાંતા તંત્ર ઊંઘતું રહુ પાલનપુર તંત્ર દ્વારા

# રતનપુર ગામે ગૌચર જમીન માંથી રોયલ્ટી ચોરી કરતા ભુમાફિયા ઝડપાયા

દાંતા થી બે કિલોમીટર આવેલ રતનપુર ગામ ની અંદર રોયલ્ટી ચોરી થવાના બનાવો આવતાં હતાં સામે પણ કોઇ કાર્યવાહી થતી નથી અને ગૌચર ને ધીરે ધીરે જમીન પર કરી રતનપુર ગામ ના માથાભારે તત્વો દ્વારા ગૌચર જમીન પચાવવા નું કાર્ય કર્યું હતું

આ ઘણા સમયથી રતનપુર ગામ ની અંદર ટ્રેક્ટરો તથા જીસીબી દ્વારા માટી ખેંચવાનું પકરણ આવ્યું હતું સામે જયારે આજરોજ પાલનપુર દ્વારા ઓચિંતી રેડ કરવામાં આવી હતી ત્યારે એક જીસીબી અને ચાર ટ્રેક્ટરો દ્વારા રોયલ્ટી ચોરી કરતા રંગેહાથ ઝડપાયા હતા પાલનપુર રોયલ્ટી દ્વારા રંગેહાથ ઝડપાયા હતા જીસીબી અને ટેકટર ને કબજે લઇ આગળની કાર્યવાહી હાથ ધરી હતી અને જેસીબી અને ટ્રક આશરે ૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ખરેખર આ ભૂમાફિયાઓ ને સામે કડક કાર્યવાહી થાય અને ગૌચર જમીન માપણી થાય તો મોટા રહસ્યો ખુલે તેવી સંભાવના ઊભી હતી અને ગામલોકો ના મુખ્ય ચર્ચાનો વિષય બન્યો હતો કે ગૌચર જમીન કોઈ પચાવી ન શકે તો આવા માથાભારે અને રાજકારણ સાથે જોડાયેલા વ્યક્તિઓ પર કાયદેસરની કાર્યવાહી કેમ નથી થતી તે લોક મુખે ચર્ચા નો વિષય બન્યો હતો અને ગૌચર જમીન જેને પણ પચાવી હોય તેના ઉપર કડક કાર્યવાહી થાય તેવી લોકમુખે ચર્ચાઓ થઈ રહી હતી શું તેમના ઉપર કડક કાર્યવાહી થશે ખરા તે એક મોટો પ્રશ્ન બન્યો હતો..

અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

### ઘેર થી માતાજીની ભક્તિ કરવા મદિરના ટ્રસ્ટી અને નાયબ કલેકટરએ કરી

# ધાનેરાના ધાખા ગામે ભરાતા સિતળા સાતમના મેલાને લાગ્યું કોરોનાનું ગ્રહણ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોના ના કારણે શ્રવણ માસ માં આવતા અનેક તહેવારો ને ગ્રહણ લાગ્યું છે ધાનેરા ના ધાખા ગામે સિતળા સાતમ નો મોટો લોકમેળો યોજાય છે પણ આ વખતે કેન્દ્ર ની ગાઈડ લાઈન મુજબ મેળો ન યોજવાનો નિર્ણય થયો છે અને ભક્તો ને માતાજી ની ભક્તિ ઘેર જ રહી ને કરવાની તાકીદ કરવામાં આવી છે.

દર વર્ષે આ મેલા માં હજારો લોકો માં ની આસ્થાએ આવે છે પણ આ વર્ષે કોરોના ના કારણે મેળો યોજાય તો સંક્રમણ નો ખતરો ઉભો થઇ શકે એવી પરિસ્થિતિ સર્જાતા ધાનેરા ના નાયબ કલકટર એ સામાજિક ધાર્મિક આગેવાનો અને સંતો સાથે મળી ને શ્રવણ માસ માં યોજાતા તમામ લોકમેળો ન યોજવાનો નિર્ણય લેવાતા ધાખા ગામે યોજાતો સિતળા સાતમ નો મેળો મુલતવી રાખવાની અપીલ મદિર ના ટ્રસ્ટીઓ અને ધાખા ગામ ના સરપચ એ કરી છે અને માં ના ભક્તો ને મેલા માં આવી ને નહિ પણ ઘેર જ રહી ને ભક્તિ કરવાની અ પ ી લ કરી છે

# દાહોદ નગરના કોરોનાથી પ્રભાવિત વિસ્તારોમાં સેનિટાઈઝેશન કામગીરી ફૂલ સ્વીંગમાં



અભેસિંહ રાવલ દાહોદ

દાહોદમાં કોરોના વાયરસથી પ્રભાવિત વિસ્તારોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નિયંત્રિત વિસ્તાર બનાવ્યા બાદ હવે ત્યાં નગરપાલિકા દ્વારા સેનિટાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ વિસ્તારોમાં સાંજના છ વાગ્યાથી દસ વાગ્યા સુધી સેનિટાઈઝેશન કરવામાં આવશે. આવી સૂચના કલેક્ટર શ્રી વિજય ખરાડી દ્વારા આપવામાં આવી છે.

દાહોદ નગરપાલિકાના મુખ્ય અધિકારી શ્રી અતુલ સિંહાએ જણાવ્યું કે, કોરોનાગ્રસ્ત દર્દી મળી આવ્યા બાદ જે તે વિસ્તાર – ઘરને નિયંત્રિત કરવાની કામગીરી ઉપરાંત સેનિટાઈટેઝન પણ ફૂલ સ્વીંગથી કરવામાં આવી રહ્યું છે.

તેમણે ઉમેર્યું કે, બે જેટલિંગ મશીન સાથે ૬ કર્મયોગીઓ તથા એક ફાયર ટેન્ડર સાથે ત્રણ કર્મયોગીઓ આ કાર્ય સતત કરી રહ્યા છે. ગોવિંદનગર, મંડાવ રોડ, કસ્બા-ઘાંચીવાડ, ડબગરવાડ, ગોધરા રોડ હરિરાઇ સોસાયટી સહિતના વિસ્તારોમાં સંપૂર્ણપણે સેનિટાઈઝેશન કરવામાં આવ્યા છે. આ માટે ૪૫૦૦ લિટર જેટલું સોડીયમ હાઈપોક્લોરાઈટ કેમિકલ વાપરવામાં આવ્યું છે.

### નાગરિકો સામે ચાલીને આરોગ્ય તપાસણી કરાવ:કલેક્ટર શ્રી વિજય ખરાડી

# દાહોદ નગરમાં કોરોના સંક્રમણને નાથવા ૩૩ ધન્વતંરિ રથ સાથે ૪૮ મેડીકલ ટીમની સઘન આરોગ્ય ઝુંબેશ


અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૨૮ : દાહોદ નગરમાં કોરોના સંક્રમણને નાથવા માટે ૩૩ ધન્વતંરિ રથ સાથે ૪૮ મેડીકલ ટીમએ સપાટાભેર કામગીરીની શરૂઆત કરી દીધી છે. નગરમાં જયાં પણ કોરોના સંક્રમણના કેસોનો વ્યાપ વધુ છે ત્યાં મેડીકલ ટીમો દ્વારા સ્થળ પર જ હેલ્થ સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે. આ માટે અત્યાધુનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

જિલ્લા કલેક્ટર શ્રી વિજય ખરાડીએ જણાવ્યું કે, કોરોના સંક્રમણને રોકવા માટે વધુમાં વધુ વ્યક્તિઓની આરોગ્ય તપાસણી થાય તે જરૂરી છે. કોરોના સંક્રમણના શરૂના જ તબક્કામાં જ જાણ થઈ જાય તો અન્ય વ્યક્તિઓને સંક્રમણ થતા અટકાવી શકાય છે અને જે તે વ્યક્તિના પણ જલ્દી સાજા થવાની શકયતા ખૂબ વધી જાય છે. માટે નાગરિકોને ઘરઆંગણે આરોગ્ય તપાસણીનો લાભ મળી રહ્યો છે તેનો અવશ્ય લાભ લે.

દાહોદ નગરનાં કોરોનાથી સૌથી વધુ સંક્રમિત વિસ્તારો જેવા કે, ગોવિંદનગર, ગોદી રોડ, ગોધરા રોડ, ડબગરવાડ, ઘાંચીવાડ, દેસાઈવાડ સહિતના વિસ્તારોમાં ધન્વંતરિ રથો દ્વારા મોટા પાયે લોકોની આરોગ્યની તપાસણી કરવામાં આવી રહી છે. સાથે આયુર્વેદ અને હોમિયોપેથીની રોગપ્રતિકારક શક્તિની દવાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. નાગરિકોને કોરોના સામે શું સાવચેતી રાખવી તેની માહિતી આપવામાં આવી રહી છે.

દાહોદ નગરના ૩૩ ધન્વંતરિ રથો સહિત કુલ ૫૫ જેટલા ધન્વંતરિ રથો જિલ્લામાં નાગરિકોની આરોગ્યની સઘન તપાસ, નિદાન અને સારવાર કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાં ધન્વંતરિ રથ દ્વારા ચલાવવામાં આવેલી ઝુંબેશને ખૂબ જ સફળતા મળી છે અને દેશભરમાં આ મોડલની સફળતા પ્રશંસાપાત્ર બની છે.



वंदे शिवं तं प्रकृतारनादि प्रशांन्तमेंक पुरूषोत्तमं हि।
स्वमायया कृत्स्नमिंद हि सृष्ट्वानभोवदन्तब ?हिरास्थितो।
હુ સ્વભાવથી એ અનાદિ, શાંતાસ્વરૂપ એક માત્ર પુરષોત્તમ શિવની વંદન કરૂ છુ.જે સ્વયંને મારાથી સંપૂર્ણ વિશ્વની સૃષ્ટિ કરીને આકાશની જેમ એની અંદર અને બહાર સ્થિર છે.
રૂદ્રસંહીતા ,,પ્રથમ સૃષ્ટિ ખંડ ..

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.